વરાછા અમર જેવલર્સમા લુંટ કરવાના ઇરાદે ફાયરીંગ કરીને નાશી ગયેલ બે આરોપીઓને હથિયાર સાથે પકડી પાડતી, સુરત શહેર વરાછા પોલીસ.

ગઇ તા.૨૩/૦૨/૨૦૨૨૦ ના રોજ વરાછા મીનીબજાર ખાતે આવેલ અમર જવેલર્સમાં પુર્વ આયોજીત કાવતરૂ રચી ત્રણ ઇસમો એક્ટીવા પર બેસીને આવી જવેલર્સમાં પ્રવેશ કરી લુંટ કરવાના ઇરાદેથી જવેલર્સના મેનેજર ઉપર ફાયરીંગ કરી બે ગોળી મારી દઈ મોત નિપજાવવાની કોશીષ કરી ગુનો કરેલ જેમા આરોપી વિજય અનકભાઇ કરપડા રહે.રામપરડા ગામ તા.મુળી જી.સુરેન્દ્રનગર નાનો સ્થળ ઉપર પકડાય જઈ તથા અન્ય બે આરોપીઓ નાશી ગયેલ હોય જે બાબતે વરાછા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૪૧૮/૨૦૨૦ ઇ.પી.કો. કલમ. ૯૦૭, ૩૯૩, ૩૯૭, ૧૨૦(બી), ૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫)(૧) સી મુજબનો ગુન્હો દાખલ થયેલ સદર ગુન્હાના આરોપીઓ (૧)મહેદ્ર ઉર્ફે મેંદુ કનુભાઇ જેંતુભાઇ વાળા ઉ.વ.૨૩ રહે. ૬૨, સ્વામીનારાયણ મંદિર બજાર ગામ માળેલા તા.અમરેલી જી.અમરેલી તથા (૨) કપીલ વજુભાઇ જયંતીભાઇ દવે ઉ.વ.૨૨ રહે.ઘર નં. ૨૫, ગોપાલનગર સોસા., સીતારામ ચોક પાસે કામરેજ, સુરત. મુળ વતન ગામ-દોલતીતા.સાવરકુંડલા જી.અમરેલીનાઓને શોધી કાઢવા સારૂ વરાછા પો.સ્ટે.ના પોલીસ માણસોની અલગ અલગ ટીમ બનાવી તપાસમાં હતા તે દરમ્યાન અ.પો.કો. વલકુભાઇ નનકાભાઇ બ.નં. ૩૫૨ નાઓને નાશી ગયેલ આરોપીઓ બોટાદ જીલ્લાના ગઢડા તાલુકાના વીડ વિસ્તારમાં છુપાયેલ હોવાની બાતમી હકિકત મળતાં સાથેના પો.સ.ઇ. એ.કે.દેસાઇ નાઓ તથા તેમની ટીમના માણસો બોટાદ જિલ્લામા તપાસમાં જઈને ઉપરોક્ત બન્ને આરોપીઓ બાબતે યુક્તિ-પ્રયુક્તિથી માહીતી મેળવી બન્ને આરોપીઓ ગઢ્ડા તાલુકાના વિડ વિસ્તારમાં આવેલ હનુમાનજીના મંદિર પાસેથી પક્ડી પાડી, તેમની ગુનામાં ઉપયોગમાં લીધેલ હથિયાર પિસ્તોલ કબ્જે કરી આરોપીઓને પકડી પાડી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

શોધી કાઢેલ ગુના:(૧)વરાછા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૪૧૮/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૦૭, ૩૯૩, ૩૯૭, ૧૨૦ (બી), ૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫)(૧) સી મુજબ.